

## પાણી વેડફતા બેદરકારોને દંડ કરો

ઉનાળાના પ્રારંભથી જ નગરમાં પાણીના પોકારો પણ ચાલુ થઈ જાય છે, એમાં પણ આ વર્ષે તો ગરમી પાછલા તમામ વિક્રમો તોડી નવી ઊંચાઈ હાંસલ કરતી જાય છે. આ સંજોગોમાં પાણીની સમસ્યા પણ દિવસે ને દિવસે વિકટ બનતી જાય છે. આ કારણે શહેરમાં ખાનગી ટેન્કરો દ્વારા પાણી પુરવઠો પુરો પાડવાનો વ્યવસાય પણ પુરજોશમાં ચાલી રહ્યો છે. જો કે આ ટેન્કરો દ્વારા પાણીની હેરફેર દરમ્યાન ટેન્કરના વાલ્વ લીકેજ હોવાને કારણે અથવા આળસમાં બરાબર બંધ ના કર્યા હોવાને કારણે રોજનું હજારો લીટર પાણી રસ્તા પર વેડફાતુ પણ જોવા મળે છે. સામાન્ય બેદરકારીના કારણે અમૂલ્ય પાણીનો બેફામ વેડફાટ કરનારાઓને તેમની જવાબદારીનું ભાન કરાવવા શું યોગ્ય દંડનાત્મક કાર્યવાહી ના કરી શકાય?

# સમર કોચિંગ કેમ્પનો સમાપન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સક્ષમ નેતૃત્વ હેઠળની ગતિશીલ સરકારે ગઈ કાલે સુશાસનના બે વર્ષ પૂર્ણ કર્યા છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ' મંત્ર સાથે રાજય સરકારે વિકાસના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે પરિણામલક્ષી પ્રયાસો કર્યા છે. ગુજરાત અને ગુજરાતના લોકો દરેક ક્ષેત્રે અવ્વલ રહે તે માટે સરકારે વિવિધ યોજનાઓ શરૂ કરી છે અને ખાસ કરીને રાજયના યુવાનોના સર્વાંગી વિકાસ તથા તેમના માટે નવીન તકોનું સર્જન કરવા માટે વિશિષ્ટ પહેલ કરવામાં આવી છે.

રમત ગમત ક્ષેત્રે યુવાઓની પ્રતિભાને બહાર લાવવા માટે સરકાર દ્વારા દર વર્ષે રાજયભરમાં ખેલ મહાકુંભનું મોટા પાયે આયોજન કરવામાં આવે છે અને ત્યારબાદ વિજેતા ખેલાડીઓ માટે પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેથી ગુજરાતની યુવા શકિત ખેલ પ્રતિભાઓને વૈશ્વિક સ્તરે ઝળકાવવા વૈજ્ઞાનિક ઢબે આધુનિક તાલીમ વ્યવસ્થા કરી શકાય.

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા આ વર્ષે આયોજિત સમર કેમ્પના સમાપન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ટાઉનહોલ ખાતે આયોજિત કાર્યક્રમમાં રાજયકક્ષાના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે સ્પોર્ટસ લીગના વિજેતા ખેલાડીઓનું સન્માન અને એવોર્ડ અપાયા હતા. આ પ્રસંગે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત મહાનિયામક સંદિપ પ્રધાન અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ ડી.ડી. કાપડિયા, પૂર્વ હોકી ઈન્ડિયા ટીમ કેપ્ટન ધનરાજ પીલ્લે ઉપસ્થિત રહ્યા હતાં.



# હિંમતનગર તાલુકામાં વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ

## તાલુકામાં ૨ હજાર કરોડના વિકાસ કામોનું આયોજન

હિંમતનગર, તા. ૨૩

ભારત અને રાજ્ય સરકારના બે વર્ષના શાશનકાળ દરમ્યાન થયેલ વિકાસકામોને લઈ ભાજપ દ્વારા વિકાસ ગૌરવયાત્રા કાઢી લોકોને સરકાર દ્વારા કરવામાં આવેલા કામોની જાણકારી આપવા માટે તેમજ પ્રશ્નો સમજવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આંજે ૨૩મીથી હિંમતનગર તાલુકામાં વિકાસ ગૌરવ યાત્રાનો પ્રારંભ થયો હતો. જેમાં સાબરકાંઠાના સાંસદ દીપસિંહ રાઠોડ અને ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જોડાઈને ભારત અને રાજ્ય સરકાર દ્વારા થયેલ વિકાસ કામો અને પ્રજાલક્ષી યોજનાઓની લોકોને માહિતી આપી હતી.

વિકાસ ગૌરવ યાત્રાનો હિંમતનગર તાલુકાના રામપુર ગ્રામથી પ્રારંભ થયો હતો. જે યાત્રા ખેડ, ગાંભોઈ, રૂપાલ, હાપા, ઈલોલ, પ્રેમપુર થઈ હડીયોલમાં સમાપન થયુ હતું. વિકાસ ગૌરવ યાત્રાનું ગામડાઓના ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અને લોકો ઉમળાકાભેર યાત્રામાં જોડાયા હતા.

તાલુકાના વિકાસકામોની ઝાંખી આપતા હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે તાલુકામાં વિકાસના કામોએ વેગ પકડ્યો છે. રૂ. ૨ હજાર કરોડના વિકાસ કામોનું આયોજન થયેલ છે. જેમાં ઘણા કામો પુર્ણ થયા છે અને કેટલાક કામો પ્રગતિમાં છે. હિંમતનગરથી મહેસાણા હાઈવેના કામ માટે ૩૫૦ કરોડ તેમજ હિંમતનગરથી અંબાજી હાઈવે માટે ૩૬૦ કરોડ રૂપિયા સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા છે. આ માર્ગો બનતા તાલુકાનો વિકાસ ઝડપી બનશે.

વિકાસ ગૌરવ યાત્રામાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, પૂર્વ ગૃહમંત્રી પ્રફુલભાઈ પટેલ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ સહિત ભાજપના અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ભિલોડાના બુઢેલી ગામના રાજપુત દંપતીએ લગ્નતિથિ નિમિત્તે ગરીબો સાથે ઉજવણીનો આનંદ માણ્યો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના બુઢેલી ગામના રાજપુત દંપતીએ લગ્નતિથિ નિમિત્તે ગરીબો સાથે ઉજવણીનો આનંદ માણ્યો હતો.૨૧મી સદીના હાઈટેક યુગમાં પાશ્ચાત સંસ્કૃતિ તરફ આંધળી દોટ આજના જમાનામાં લોકો મુકી રહ્યા છે.જન્મદિન,લગ્નતિથિ સહિત અવનવા પ્રસંગો નિમિત્તે મોજશોખ માટે લોકો લાખ્ખો રૂપિયા હોટલોમાં,પાર્ટી-પ્લોટોમાં વેડફી નાખતા હોય છે.ભિલોડા તાલુકાના બુઢેલી ગામના રાજપુત પરીવારના ઠા.સા.કનકસિંહજી દુલેસિંહજી રાઠોડ,નિલમકુંવરબા રાઠોડની લગ્ન તિથિ નિમિત્તે એક અનોખી રીતે ઉજવવાનો પ્રયાસ કરાયો હતો. ભિલોડાના ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા ગરીબ ભરથરી પરીવારો સાથે ભોજન સમારંભ કર્યોહતો. ભિલોડાના ભરથરી પરીવારોમાં આનંદની લાગણી પ્રસરી હતી. બુઢેલી ગામના કનકસિંહ રાઠોડ અને નિલમકુંવરબા રાઠોડના સંતાનોએ પણ તેમના માતા-પિતાના ઉચ્ચ કોટીના વિચારોથી પ્રેરાઈ તેમની સાથે લગ્ન તિથિની ઉજવણી ડાં. મેઘરાજકુંવર રાઠોડ-પુત્રી,જૈનમસિંહ રાઠોડ-પુત્ર, જૈયવિનસિંહ રાઠોડ-પુત્ર,માતા-પિતાની પ્રેરણાથી પ્રેરાઈ લગ્ન તિથિની ઉજવણીમાં જોડાયા હતા.



## વિચારયાત્રા ● ૪ પાનાનું ચાલુ...

વિચારયાત્રા ● ૪ પાનાનું ચાલુ...

સંવેદનશીલ વ્યક્તિને આવા લોકો એવી રીતે કલચમાં લે છે કે પેલો અડધો થઈ જાય ઈમોશનલ અત્યાચાર કરીને પોતાનું ધાર્યું કામ કઢાવવાનો આ લેટેસ્ટ રસ્તો છે. આપણા સ્પષ્ટ પ્રશ્નોના સ્પષ્ટ જવાબો તેમની પાસે હોતા નથી એટલે અસ્પષ્ટ જવાબો આપીને આડકતરી રીતે તો પોતે જેમ ઈચ્છતા હોય તેમ જ આપણને રમાડતા હોય છે... અને જાણે પોતે તો આપણી આવી સેન્ડવિચ પરિસ્થિતિના જરા પણ જવાબદાર ન હોય તેવો ડોળ કરે છે...

લગ્ન કરવા માટે માતા-પિતા પાત્ર શોધી આપે અને સંતાન પ્રભુતામાં પગલાં માંડે, સંસાર-રથ આગળ ચાલતો થાય, સાસુ-વહુની ચકમક ઝરવી ચાલુ થાય સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ સંતાનની થાય. પછી વિધાન છૂટે - 'ભાઈ એ તો પરિવાર તેણે સંભાળવાનો છે, હવે તે જાણે અને તેના નસીબ. કેમ ભાઈ હવે કેમ નસીબને હવાલે કરો છો! લગ્ન વખતે તો તમે કીધું તેમ પુત્રએ કર્યું હવે થોડી અડચણ આવે એટલે હાથ ઊંચા કરી દેવાના!'

પ્રશ્ન પરિવારનો છે... તેના નિર્ણય પર સ્પષ્ટ અભિપ્રાય આપો. કાં તો તેણે અપનાવેલા રસ્તા પર જવા દેવાની તૈયારી બતાવો, અથવા તો ત્યાં કેમ ન જવું જોઈએ તેના ચોક્કસ કારણ જણાવી સ્પષ્ટ 'ના' પાડો. અધકચરા 'નરો વા કુંજરો વા' ન કરો. તમારા સંતાનને તમારા સ્પષ્ટ ઉત્તરની આવશ્યકતા છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# નર્મદામાં વિઘ્નો નાખી કોંગ્રેસે ખેડૂતોનું જ નહિ ગુજરાતનું પણ અહિત કર્યુ હતુ : નીતિન પટેલ

## રૂપાલમાં જિલ્લાનો કૃષિ મહોત્સવ આરંભાયો : રાજ્યમાં કૃષિ વિકાસ માટે ચાર હજાર કરોડથી વધુની સબસીડી સરકાર ચુકવે છે : આરોગ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૩

નર્મદાના કામમાં વિઘ્નો ઉભા કરી ગુજરાતના ખેડૂતોનું સૌથી વધુ અહિત કોંગ્રેસ સરકારે કેન્દ્રમાં સત્તા પર રહીને કર્યાનો ગંભીર આક્ષેપ કરતાં રાજ્યના આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે નર્મદાના નીર ગુજરાતની તરસ છીપાવશે એટલુ જ નહિ પણ ગુજરાતની ખેતીને સમૃદ્ધ બનાવશે અને તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

આજે રૂપાલ ખાતે જિલ્લાનો દ્વિ દિવસીય કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતાં તેમણે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે કૃષિ-પશુપાલનના વિકાસમાં અનેકવિધ મહત્વના નિર્ણયો કર્યા છે. નીતિન પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ધિરાણોમાં પણ સબસીડી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્યમાં કૃષિક્ષેત્રે દર વર્ષે ૨૪ હજાર કરોડ રૂપિયાનું ધિરાણ બેંકો અને અન્ય સંસ્થાઓ દ્વારા થાય છે. જેમાં હવે રૂ. ૧ હજાર કરોડની સબસીડી રાજ્ય સરકાર આપશે. તેમણે કહ્યુ કે રાજ્ય સરકાર વીજળીમાં પણ ત્રણ હજાર કરોડની સબસીડી ચુકવી રહી છે.

તેમણે કહ્યુ કે નર્મદા યોજનાના કામમાં અંતરાયો ઉભા કરી ગુજરાતમાં વિકાસની ગતિને ધીમી પાડવાનો કારસો કોંગ્રેસે રચ્યો હતો પરંતુ નરેન્દ્રભાઈએ સત્તાના સૂત્રો સંભાળ્યાના ૧૭મા દિવસે જ દરવાજા લગાવવાની મંજૂરી આપી દઈને ગુજરાતની પ્રગતિને નવી દિશા આપવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્યમંત્રીએ જણાવ્યું હતુ કે નર્મદાના દરવાજા લગાવવાથી નર્મદામાં પાણીની સંગ્રહશક્તિ વધશે અને તેથી ગુજરાતમાં જળસંકટની સ્થિતિ ક્યારેય ઉભી નહિ થાય. નર્મદાના નીર ગુજરાતની તરસ છીપવશે એટલુ જ નહિ ગુજરાતના ખેતરોને હરિયાળીથી ભરી દેશે. નર્મદા સર્વદે એ મંત્રને સાકાર કરવાનો અમારો સંકલ્પ છે અને તે અમે કરીને બતાવીશુ.

તેમણે જણાવ્યુ હતુ કે કૃષિ મહોત્સવ ખરીફ જ નહિ રવિ કૃષિ મહોત્સવની ઉજવણી થકી ખેડેતૂોની આવક વધે તેમજ ખેડૂતો કૃષિક્ષેત્રે આવી રહેલા નવા સંશોધનો અને તકનીકોથી વાકેફ થાય એ સરકારનો પ્રયાસ છે. આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે કૃષિ મહોત્સવોના આયોજનો થકી ખેડૂતોની આવકમાં વધારો થયો છે. ખેડૂતોની વાર્ષિક આવક ૧.૨૫ લાખ કરોડ પર પહોંચી છે.

તેમણે જણાવ્યું હતું કે પશુપાલનના વિકાસને પણ સરકારે એટલુ જ મહત્વ આપ્યુ છે. પશુપાલન માટે આરોગ્ય મેળાઓ સરકાર દર વર્ષે કરે છે અને આ મેળાઓમાં અનેકવિધ રોગોની સારવાર મફતમાં આપવામાં આવે છે. તેમણે જણાવ્યુ હતુ કે દૂધ ઉત્પાદનમાં પણ ગુજરાતે નવા સિદ્ધિના શિખરો સર કર્યા છે.

કૃષિ મહોત્સવના આજે પ્રથમ દિવસે ચાર હજારથી વધુ ખેડૂતો જોડાયા હતા. મંત્રીએ રાજ્યમાં કૃષિ વિકાસ અને પશુપાલનના વિકાસ માટે લેવાયેલા નિર્ણયોની વિગતો આપતાં જણાવ્યું હતુ કે કેન્દ્ર સરકારે જે નવી પાક વીમા યોજના બનાવી છે તેમાં ગ્રામ્યને યુનિટ તરીકે ઓળખ આપી કુદરતી આપદામાં ખેડૂતોને રક્ષા કવચ આપવામાં આવશે.

પ્રારંભમાં જિલ્લા કલેક્ટર સતિશ પટેલે આગળ પ્રવચન કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોને આત્મા તરફથી પુરસ્કાર, પ્રમાણપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે બાળ આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યા, સફાઈ કામદારા નિગમના ચેરમેન દર્શનાબેન વાઘેલા, ગુડાના ચેરમેન આશિષ દવે, સરદાર જળસંચય એકમના ગણેશભાઈ ચૌધરી, ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મનપાના કાઉન્સીલ નીતિન પટેલ, તા.પં.ના પ્રમુખ કાળુજી રાઠોડ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી જયશ્રીબેન દેવાંગણ, જિલ્લા ખેતીવાડી અધિકારી મહાવીરસિંહજી, જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.



## રાજ્ય-કેન્દ્રની વ્યક્તિલક્ષી યોજનાઓ માટે આધાર નંબર દર્શાવવો

કેન્દ્ર સરકારના આધાર એકટ-૨૦૧૬ની વિવિધ જોગવાઈ અંતર્ગત રાજ્ય અને કેન્દ્રની વિવિધ વ્યક્તિલક્ષી લાભાથી યોજનાઓ અને કાર્યક્રમોના લાભાથીઓને આધાર એનેબલ્ડ ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફરનો લાભ સરળતાથી મળી રહે તે માટે યોજનાના અરજી ફોર્મમાં આધાર નંબર દર્શાવવવો જરરી છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ વ્યક્તિલક્ષી લાભાથી યોજનાઓ અને કાર્યક્રમોમાં લાભાર્થીઓના અરજી ફોર્મમાં આધાર નંબર, બેન્ક એકાઉન્ટ નંબર, મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈડીની વિગતો અરજી ફોર્મમાં દર્શાવવાની રહેશે. લાભાર્થીઓ પોતાના બેન્ક એકાઉન્ટ સાથે આધાર લીન્ક કરેલ હોય તો તે બેન્ક એકાઉન્ટની વિગત પણ અરજીમાં દર્શાવવાની રહેશે.

# પૂરવઠા નિગમે દોઢ કરોડના ડિવીડન્ડનો ચેક મુખ્યમંત્રીને અર્પણ

ગાંધીનગર, તા. ૨૩

સતત નફો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમે વર્ષ ૨૦૧૬-૧૭ માટે વચગાળાના ડિવિડન્ડ પેટે દોઢ કરોડનો ચેક મુખ્યમંત્રી આનંદીબેન પટેલને અર્પણ કર્યો છે. નાગરિક પુરવઠા નિગમના અધ્યક્ષ ભુપેન્દ્ર લાખાવાલા અને મેનેજીંગ ડીરેક્ટર સી.વી. સોમે ડિવિડન્ડનો ચેક મુખ્યમંત્રીને અર્પણ કર્યો હતો.

વર્ષ-૨૦૧૩-૧૪નું નાગરિક પુરવઠા નિગમનું ટર્ન ઓવર રૂ. ૧૮૮૧ કરોડથી વધીને વર્ષ ૨૦૧૪-૧૫માં રૂ. ૨૫૦૦ કરોડ છે. જે રૂ. ૬૧૯ કરોડના વધારા સાથે નિગમે રૂ. ૫.૬૫ કરોડ (૭૬૯ ટકા વધારો)નો નફો કર્યો છે.

નિગમ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થાની જરૂરિયાત માટેની ખાંડની ખરીદી પારદર્શક તથા કાર્યક્રમ દ્વારા કરવાથી રાજ્ય સરકારની રૂ. ૩૯ કરોડની સબસીડીની બચત થઈ છે.

નેશનલ ફૂડ સીક્યોરીટી એક્ટની અમલવારીને ધ્યાને લઈ આગોતરા આયોજનથી રાજ્ય સરકારની મંજુરી લઈ નિગમની અનાજની સંગ્રહશક્તિ ૨.૮૬ લાખ મે. ટન (૫૦૧ ગોડાઉન)થી વધારીને ૫.૮૨ લાખ મે. ટન (૬૨૫ ગોડાઉન) એટલે કે બમણી કરવા ૧૨૪ નવા ગોડાઉનો બનાવાયા છે.



## ધનસુરા ખાતે કૃષિ મહોત્સવ યોજાયો

મોડાસા, તા. ૨૩

ધનસુરા સહકારી જીન ખાતે કૃષિ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કૃષિ મહોત્સવમાં બાયડ પ્રાંત વિભાગના બાયડ, ધનસુરા, માલપુર તાલુકાઓનો કૃષિ મહોત્સવ યોજાયો હતો. આ કૃષિ મહોત્સવમાં આજુબાજુના ગામડાના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા સુધારો કરીને હવેથી ખેડૂતોને અકસ્માતે મૃત્યુ પામે તો ચાર લાખની સહાય ચુકવવામાં આવશે. આજના કૃષિ મહોત્સવમાં ૪૩ સ્ટોલનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિને લગતા પ્રદર્શન યોજવામાં આવ્યા હતા. આ કૃષિ મહોત્સવમાં પદાધિકારીઓ દ્વારા દરેક લાભાર્થીઓને ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કૃષિ મહોત્સવમાં જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર સી.એમ. ચાવડા, જિલ્લા ખેતીવાડી અધિકારી પ્રાયોજનના અધિકારી, જિલ્લા ભાજપ પ્રમુખ તેમજ ભુતપૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, દેના બેંકના જનરલ મેનેજર ચિત્રાબેન ગાંધીનગર તેઓ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઐતિહાસિક સિદ્ધિ

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

નોંધનીય છે કે મોટા દેશ ફરીથી ઉપયોગ કરવામાં આવી શકે તેવા પ્રક્ષેપણ યાનના વિચારને ફગાવી ચુક્યા છે પરંતુ ભારતના એન્જિનિયરોનુ માનવુ છે કે ઉપગ્રહોને પરિભ્રમણ કક્ષા સુધી પહોંચાડવાના ખર્ચને ઘટાડી દેવા માટેનો વિકલ્પ આ જ છે. રોકેટનો બીજી વખત ઉપયોગ કરવામાં આવે તો ખર્ચમાં ઘટાડો કરી શકાય છે. જો આ ટેક્નોલોજી સફળ રહેશે તો અંતરિક્ષમાં પ્રક્ષેપણનો ખર્ચ ૧૦ ગણો સુધી ઘટી જશે. તેને ૨૦૦૦ ડોલર પ્રતિ કિલો પર લાવી શકાય છે. ઇસરોએ કેટલાક સફળ પ્રયોગ કરી લીધા છે. ભુતકાળમાં પણ ઇસરોએ કેટલીક મોટી સફળતા મેળવી હતી. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે ફાઇનલ આરએલવી ૪૦ મીટર લંબાઇમાં રહેશે. આરએલવી-ટીડીના ફાઇનલ વર્ઝનને તૈયાર કરવામાં ૧૦થી ૧૫ વર્ષનો સમય લાગી શકે છે. આ મહત્વપૂર્ણ ઘટનાક્રમ ઉપર છેલ્લા ઘણા સમયથી નજર રાખવામાં આવી રહી હતી. આને લઇને ઇસરોના વૈજ્ઞાનિકો અને સરકારની ચાંપતી નજર હતી. કારણ કે ઇસરો અને ભારતની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગેલી હતી. આખરે મેડ ઇન ઇન્ડિયા પ્રયાસમાં સફળતા મળી છે.

## ખૂણે ખાંચરેથી...

● આજે જિલ્લાનો કૃષિ મહોત્સવ રાજયના આરોગ્યમંત્રી નીતિન પટેલે ગૌપૂજન કરી પ્રારંભ કરાવ્યો હતો.

● કૃષિ મહોત્સવમાં પ્રદર્શનમાં ૫૦થી પણ વધુ સ્ટોલ્સ ઉભા કરી ખેડૂતોને તકનીકી, બિયારણલક્ષી તેમજ અન્ય સેવાઓની સુવિધાઓની જાણકારી મળી રહે તેની વ્યવસ્થા કરાઈ હતી.

● કૃષિ મહોત્સવ સાથે મંત્રીએ પશુ આરોગ્ય મેળાને પણ ખુલ્લો મુક્યો હતો તેમણે પશુઓને અપાતી દવાઓ તેમજ કયા-કયા રોગની સારવાર અપાશે તેની પણ ઝીણવટભરી પૃચ્છા કરી હતી.

● જિલ્લા વિકાસ અધિકારી તરીકે નિયુક્ત થયેલા ડી.પી. દેસાઈએ તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશ વ્યાસ રજા પર જતાં તેમના હોદ્દાનો હવાલો જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિશા શર્માને સોંપવામાં આવ્યો છે.

● રૂપાલ કૃષિ મેળામાં ખેડૂતોને લાડુ, દાળ-ભાત, શાક અને છાશનું ભોજન પિરસાયુ હતુ.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે સતત પવનની આંધી સાથે ડમરીઓ ઉડતી જણાઈ હતી. ધૂળની આંધીને પગલે દ્વિચકી વાહન-ચાલકોને મુશ્કેલીનો સામનો પણ કરવો પડ્યો હતો.

● આજે ધો. ૧૦નું પરિણામ હોવાથી વાલીઓ-વિદ્યાર્થીઓ અને શિક્ષણ પ્રેમીઓમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. સવારે ૮ વાગે પરિણામ વેબસાઈટ પર મુકી દેવાશે.

## હિંમતનગરમાં ગુમાસ્તાધારાનો ભંગ કરવા બદલ ૭૦ જેટલા વેપારીઓને તંત્રની નોટીસ

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકા તંત્ર દ્વારા ગુમાસ્તાધારાનો ભંગ કરવા બદલ ૭૦ જેટલા દુકાનદારોને નોટીસ ફટકારવામાં આવી હતી. જેથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

હિંમતનગર નગરપાલિકાના ગુમાસ્તાધારા વિભાગ દ્વારા ચીફ ઓફિસર પ્રણવ પારેખની સુચના અનુસાર ગુમાસ્તાધારા ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ સોલંકી ગુમાસ્તાધારા અમલીકરણ અને બાળ કામદાર માટેનું ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલી જુદી જુદી દુકાનોમાં ગુમાસ્તાધારા અમલીકરણ અંગે નિયમનો ભંગ કરવા બદલ ૭૦ જેટલા દુકાનદારોને નોટીસ ફટકારવામાં આવી હતી અને બાળ કામદાર ન રાખવા પણ તાકીદ કરવામાં આવી હતી. આ અંગે દુકાનદારો વિરૂદ્ધ વધુ કાર્યવાહી કરવામાં આવી છે.

## ચાબહાર પોર્ટ...

● અનુસંધાન ત્રીજાનું ચાલુ

જ મહત્વપૂર્ણ રહી હતી. ભારત અને ઈરાન ચાબહાર મુખ્ય વેપાર ક્ષેત્રમાં ઉદ્યોગ સ્થાપિત કરવા માટે અબજો ડોલરનું રોકાણ કરશે. આના માટે બંને દેશો વચ્ચે સમજૂતિ કરવામાં આવી છે. માર્ગ પરિવહન રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, ચાબહારના વ્યૂહાત્મક બંદરના નિર્માણ અને સંચાલન સંબંધઈત વાણિજ્ય કરાર પર સમજૂતિથી ભારતને ઈરાનમાં પોતાની સ્થિતિને મજબૂત કરવા અને પાકિસ્તાનને બાજુમાં કરીને અફઘાનિસ્તાન, રશિયા અને યુરોપ સુધી પોતાના નેટવર્કને મજબૂત કરવામાં મદદ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, કંડલા અને ચાબહાર બંદર વચ્ચે અંતર નવી દિલ્હીથી મુંબઈ વચ્ચેના અંતરથી પણ ઓછું છે જેથી આ સમજૂતિથી અમને પહેલા જે વસ્તુ મોડે સુધી પહોંચાડવામાં આવતી હતી તે ઝડપથી પહોંચાડી શકાશે. ચાબહાર મુક્ત વેપાર ક્ષેત્રમાં એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ થઈ શકે છે. મોદી બે દિવસની યાત્રા ઉપર ઈરાન પહોંચ્યા છે. બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બને તેવા પ્રયાસ થઈ રહ્યા છે. ઈરાનની સામે પ્રતિબંધોને ઉઠાવી લેવામાં આવ્યા બાદ મોટાપાયે ફાયદો લઈને બંને દેશો આગળ વધી રહ્યા છે. ઈરાનની પાસે સસ્તા પ્રમાણમાં કુદરતી ગેસ અને વિજળી છે. ભારતીય કંપનીઓ ૫૦ લાખ ટનના એલ્યુમિનિયમ સ્મેલ્ટર અને યુરિયા પ્લાન્ટ સ્થાપિત કરવા ઈચ્છુક છે. ગડકરીએ કહ્યું હતું કે, નાલ્કો એલ્યુમિનિયમ સ્મેલ્ટર સ્થાપિત કરશે જ્યારે ખાનગી અને સરકારી ખાતર કંપનીઓ યુરિયા પ્લાન્ટ સ્થાપિત કરવાની દિશામાં આગળ વધશે. જો કે, તેમને બે ડોલર પ્રતિના દરે ગેસ મળે તે જરૂરી છે. ગડકરીએ ઉમેર્યું હતું કે, જવાહરલાલ નહેરુ પોર્ટ ટ્રસ્ટ અને કંડલા પોર્ટ ટ્રસ્ટના વિકાસમાં પણ મદદ મળશે.